# અમદાવાદ: રથયાત્રા સુરક્ષા મુદ્દે ક્રાઈમબ્રાંચમાં ગૃહ રાજ્યપ્રધાને બેઠક યોજી





**અમદાવાદ:** રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. આગામી શનિવારે ભગવાન જગન્નાથજીની ૧૪૧મી રથયાત્રા યોજાવાની છે. ત્યારે રથયાત્રાની સુરક્ષાને લઈને ગૃહરાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ખાતે શહેર પોલીસ કમિશનર અને ઉચ્ચ પોલિસ અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

ગૃહરાજ્ય પ્રધાનની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં મ્યૂનિસિપલ કમિશનર મુકેશ કુમાર, ગૃહ સચીવ, અને એએમસીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠક બાદ જાડેજાએ જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરની સુરક્ષા અંગેની માહિતી બાદ પ્રદીપસિંહે અધિકારીઓને સુરક્ષા બાબતે કેટલાક સૂચનો કર્યા હતાં.

રથયાત્રામાં કેટલો પોલીસ બંદોબસ્ત ફાળવવો, બહારથી કેટલી કંપની મંગાવવી વગેરે તમામ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે રથયાત્રાને આડે હવે માત્ર સાત દિવસ બાકી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા છેલ્લાં ઘણાં દિવસોથી રથયાત્રાની સુરક્ષાને લઈને તૈયારીઓ આરંભી દેવાઈ છે. રથયાત્રાના રૂટ પર દરરોજ પેટ્રોલિંગ તેમ જ રથયાત્રા રૂટ પર જે મકાનો અથવા કોમ્પલેક્સ આવે છે તેના ધાબા પર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

રથયાત્રાની સુરક્ષાને લઈ આજે સવારે રાજ્યના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા ક્રાઈમ બ્રાંચ ખાતે રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝા, શહેર પોલીસ કમિશનર એ. કે. સિંઘ, ક્રાઈમ બ્રાંચના સહિતના અધિકારીઓ સાથે ક્રાઈમ કોન્ફરન્સ યોજી હતી.

## રાવણ હથ્થો, ભવાઈ તથા જોડીયાપાવા લગ્ન ગીત જેવી વધુ સાત કલાઓના ઉમેરા સાથે કલા મહાકુંભ યોજાશે

**સુરત,** રાજ્યના કલા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખતા કલાકારોને પ્રોત્સાહન મળે તે આશયથી ગત વર્ષે રાજ્યમાં યોજાયેલા પ્રથમ કલા મહાકુંભની સફળતા બાદ આ વર્ષે પણ કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા આગામી ૧૬ જુલાઈથી તબક્કાવાર કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે રમતગમત અધિકારીની કચેરી, સુરત ગ્રામ્ય દ્વારા બારડોલીની અસ્તાન કન્યા વિદ્યાલયના સભાગૃહમાં વાર્ષિક આયોજન અને કલામહાકુંભની સ્પર્ધાઓના આયોજન અંગે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કલા મહાકુંભમાં વધુને વધુ શાળાઓ અને કલાપ્રેમી વિદ્યાર્થીઓ ભાગ લે તેવું આયોજન કરવા વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આ વર્ષે કલા મહાકુંભમાં સમુહ લગ્ન ગીત, ફટાણા, કુચિપુડી, સરોદ, સારંગી, જોડીયા પાવા, રાવણ હથ્થો, ભવાઈનો પણ નવી કળાઓમાં સમાવેશ કરાયો છે. વળી, આ વર્ષે કલા મહાકુંભમાં વિવિધ વય જુથના કલાકારો માટે ૨૨ જેટલી સ્પર્ધાઓનું આયોજન તાલુકા, જિલ્લા, રિજનલ અને રાજ્ય કક્ષાએ કરવામાં આવ્યું છે.

રમતગમત અધિકારીની કચેરી, સુરત ગ્રામ્યના અધિકારીશ્રી વિરલ પટેલે આ વર્ષે સરકાર દ્વારા કલાકારોને સુવિધા માટે ઓનલાઈન અને ઓફલાઈન રજિસ્ટ્રેશનની સુવિધા રાખવામાં આવી હોવાનું જણાવી ગત વર્ષે કલા મહાકુંભમાં ત્રણ વય જૂથ સામેલ હતા, જેમાં ફેરફાર કરી આ વર્ષે ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી ઉપરની વય જૂથ એમ ચાર કેટેગરી રાખવામાં આવી હોવાની વિગતો આપી હતી. મહત્વની વાત એ છે ૬૦ વર્ષથી ઉપરના વયજૂથની સ્પર્ધા માત્ર રાજ્યકક્ષાએ રાખવામાં આવી છે, જેમાં ફકત વ્યક્તિગત કૃતિઓનો સમાવેશ કરવામાં આવશે. ગત વર્ષે સ્પર્ધાઓમાં આ વર્ષે વધુ ૭ કઓ ઉમેરવામાં આવી છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૧ થી ૧૫ જુલાઈ સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે. તા.૧૬ થી ૨૨ જુલાઈ તાલુકા કક્ષાની ઈવેન્ટ તથા તા.૧૭ જુલાઈથી ૫ ઓગસ્ટ જિલ્લાકક્ષાની ઈવેન્ટ તેમજ તા.૮ થી ૧૯ ઓગસ્ટ પ્રદેશકક્ષાની ઈવેન્ટ અને તા.૪ થી ૧૦ સપ્ટેમ્બર રાજ્યકક્ષાની ઈવેન્ટ યોજાશે. બેઠકમાં રમતગમત વિભાગના અધિકારીઓ, જિલ્લાની પ્રાથમિક-માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, કેળવણી નિરીક્ષકો, ઝોન/તાલુકાના કન્વીનરો, કલાસંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ‘રાઈટ ટુ ફૂડ’ના સુત્ર દ્વારા ગુણવત્તાયુક્ત, વાજબી અને પૂરતો અન્ન પુરવઠો પૂરો પાડવાનો અન્ન આયોગનો મુખ્ય આશય: એમ.એ.નરમાવાલા

**સૂરત,** સુરત શહેર અને જિલ્લામાં અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ના અમલીકરણના અનુસંધાને જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાની અદ્યતન પરિસ્થિતિ તથા મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રોની કામગીરીની રાષ્ટ્રીય અન્ન કાયદા-૨૦૧૩ સંદર્ભે રાજ્ય અન્ન આયોગના સભ્ય સચિવ એ.એમ. નરમાવાલાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લાના સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં અન્ન આયોગના સભ્ય અને સુરતના પૂર્વ મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં સભ્ય સચિવ એ.એમ.નરમાવાલાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા અન્વયે ‘રાઈટ ટુ ફૂડ’ ના અધિકારથી કોઈ વંચિત ન રહે, સૌને પૂરતું અનાજ મળી રહે, કોઈ ભૂખ્યું ન સૂવે તે અન્ન આયોગનો મુખ્ય આશય છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ રાજ્યના એ.પી.એલ.-બી.પી.એલ. કાર્ડધારકોને ગુણવત્તાયુક્ત,વાજબી અને પૂરતા પ્રમાણમાં અન્ન પુરવઠો મળી રહે તેવી રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં શ્રી નરમાવાલાએ સુરત જિલ્લામાં એન.એફ.એસ.એ. રેશનકાર્ડ પૈકી ૯૯ ટકા રેશનકાર્ડનું આધાર સિડીંગ પૂર્ણ કરાયું હોવાનું જણાવી જિલ્લા વહીવટી તંત્ર અને પૂરવઠા વિભાગની કામગીરીને બિરદાવી હતી. જયારે ૬૪ ટકા રેશનકાર્ડનું કાર્ડધારકોના બેંક એકાઉન્ટ સાથે લિંકઅપની કામગીરી પૂર્ણ કરવામાં આવી હોવાની વિગતો આપી તેમણે બાકી રહેલી કામગીરીને સત્વરે પૂર્ણ કરવા વહીવટીતંત્રને અનુરોધ કર્યો હતો.

શહેર-જિલ્લાની તમામ દુકાનોને મોડેલ એફ.પી.એસ.(આદર્શ વ્યાજબી ભાવની દુકાન) બનાવી રાશન સિવાય જીવન નિર્વાહ માટે આવશ્યક જણાતી હોય તેવી તમામ પ્રકારની ઘરેલુ ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તે મુજબની વ્યવસ્થા હાથ ધરવા પર ભાર મૂક્યો હતો. તેમણે રેશનકાર્ડ ધારકોના ફરજિયાત બેંક ખાતા ખોલાવવા,આંગણવાડી કેન્દ્રો મારફત ધાત્રી અને સગર્ભા મહિલાઓ અને આંગણવાડીના બાળકોને પોષણક્ષમ આહાર આપવાની કામગીરી અને પ્રગતિની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

## એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ મિસાઈલ સબસિસ્ટમનાં ઉત્પાદન માટે સંયુક્ત ઉત્પાદન માળખાગત સુવિધા મજબૂત કરી



**રનોળી, વડોદરા,** એન્જિનીયરિંગ, ટેકનોલોજી અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં કાર્યરત અગ્રણી ઔદ્યોગિક જૂથ લાર્સન એન્ડ ટૂબ્રો (એલએન્ડટી)ની કંપની એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ સિસ્ટમનાં શ્રેણીબદ્ધ ઉત્પાદનની જરૂરિયાત પૂર્ણ કરવા વડોદરા નજીક રનોળીમાં બ્રહ્મોસ ટ્રાન્સપોર્ટ લોંચ કેનિસ્ટર (ટીએલસી) માટે નવી પ્રોડક્શન લાઈનનું ઉદ્ઘાટન કરવાની જાહેરાત આજે કરી હતી.

બ્રહ્મોસ એરોસ્પેસનાં સીઈઓ અને એમડી તથા ડીએસ અને ડિરેક્ટર જનરલ (બ્રહ્મોસ) ડો. સુધીર કે મિશ્રાએ બ્રહ્મોસ મિસાઈલનાં સ્ટોરેજ, પરિવહન અને લોંચ માટે ડિઝાઈન કરેલ કેનિસ્ટરનું ઉત્પાદન કરવા ગુજરાતમાં બીજી પ્રોડક્શન લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું. મિસાઈલ માટે કેનિસ્ટર બે પ્રકારે ઉપયોગી છે, જે સ્ટોરેજ કમ ટ્રાન્સપોર્ટ અને લોંચ કરવા માટે કન્ટેઈનર પ્રદાન કરે છે.

તાજેતરમાં સફળતાપૂર્વક પરીક્ષણ કરેલ બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમને એલએન્ડટીએ ઉત્પાદન કરેલ સંયુક્ત એરફ્રેમ્સ અને ટ્રાન્સપોર્ટ લોંચ કેનિસ્ટર (ટીએલસી) સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવી છે. એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ મિસાઈલ માટે સંયુક્ત એરફ્રેમ્સ સફળતાપૂર્વક પ્રાપ્ત કરેલ છે. (૧)

## રાજ્ય સરકારે કડક અમલ કરી દારૂના ધંધા કરતા ઈસમો સામે સખત કાર્યવાહી કરવામાં આવશે : પ્રદિપસિંહ જાડેજા

**મોરબી,** રૂ.૨.૮૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ હળવદ તાલુકા પંચાયત ભવનનું વિધિસર લોકાર્પણ અને તકતીનું અનાવરણ કરતા રાજ્ય કક્ષાના ગૃહ,ઉર્જા,કાયદો અને ન્યાયતંત્રના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કર્યુ હતું. તેમની સાથે રાજય કક્ષાના કૃષિ(રાજયકક્ષા) અને પંચાયત,પર્યાવરણ(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર ઉપસ્થિત રહયાં હતા. હળવદ ખાતે તાલુકા પંચાયત ભવનનું લોકાર્પણ અને તકતીનું અનાવરણ કર્યા બાદ યોજાયેલી જાહેરસભામાં અધ્યક્ષસ્થાનેથી મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જણાવ્યું હતું કે રાજયમાં ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતો બનાવવા આવેલ છે.

નવા મકાનમાં પ્રવેશ કરે ત્યારે પ્રજાના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય અને ગામડાઓમાંથી આવતા અરજદારો તાલુકા પંચાયતના સભ્યો કે સરકારી કર્મચારી પાસે પ્રશ્નો લઈને આવે ત્યારે નિરાકરણ કરવા માટે યોગ્ય દિશામાં પ્રયાસ કરશે તેવી આશા વ્યકત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે હળવદ તાલુકાની અને મોરબી જિલ્લાની ગૌરવભેર પ્રગિત થાય અને શ્રેષ્ઠ વહિવટશીલ બને તેવા પ્રયાસો કરીને આગળ વધવું જોઈએ. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજય સરકારે દારૂબંધીનો કડક અમલ કરી દારૂના ધંધા કરતા ઈસમો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે અને ગૌ હત્યા સામે પણ સખત પગલા લેવામાં આવશે. તેમજ રાજયમાં માથાભારે તત્વો સામે પણ સખત પગલા લેવા રાજય સરકાર કાર્યવાહી કરશે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજકક્ષાના પંચાયત(સ્વતંત્ર હવાલો)મંત્રીશ્રીએ તેમના વ્યકતવ્યમાં જણાવ્યુ હતુ કે, તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોને નવર્નિમિત કરવા માટે રાજય સરકાર પ્રયાસો કરી રહી છે. અને આવી નવર્નિમિત થયેલ કચેરીનો છેવાડાના વ્યકતિને ધ્યાન લઈ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

પંચાયત વિભાગ એક અગત્યનો વિભાગ છે તેમ જણાવી પંચાયતના મકાનો અધ્યતન બને અને અરજદારોને તેમના વહીવટનો સુદ્રઢ અને સારો લાભ મળે તે માટે રાજય સરકાર કાર્યવાહી કરી છે.વધુમાં મંત્રીશ્રીએ આ પ્રસંગે ૧૦૮ની યોજના,મા અમૃતમ યોજના, અને મુખ્યમંત્રીશ્રીની ગ્રામ સડક યોજના, અર્બન યોજના હેઠળ ગટર યોજના, વાસ્મો યોજનાનો ઉલ્લેખ કરી દરેક ગામડાઓ અને શહેરોને સારો એવો લાભ થયો છે. તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે કન્યા કેળવણી નિધીમાં તાલુકા પંચાયત-હળવદ તરફ થી રૂ.૫૧,૦૦૦-૦૦ અને પ્રાથમિક શિક્ષક સહકારી મંડળી તરફથી રૂ.૧૫,૦૦૦-૦૦ નો ચેક મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાને અપર્ણ કર્યો હતો. સ્વાગત પ્રવચન જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.એમ.ખટાણાએ કર્યુ હતું. જયારે આભાર વિધિ તાલુકા વિકાસ અધિકારીશ્રી એ.જી.દેસાઈએ કરી હતી.

## અગ્રણી ખાતર બ્રાન્ડ ‘મહાધન’ ભારતમાં આગામી પેઢીના નવીન ખાતરોની વ્યાપક રેન્જ સાથે બજાર કબજે કરશે




**અમદાવાદ,** દેશની અગ્રણી ખાતર ઉત્પાદક કંપનીઓમાંની એક સ્માર્ટકેમ ટેક્નોલોજીસ લિમિટેડ (એસટીએલ) તેની અમ્બ્રેલા બ્રાન્ડ મહાધન હેઠળ આગામી પેઢીના ખાતરોની તેની નવીન રેન્જ સાથે બજારમાં ક્રાંતિ લાવી રહી છે. ગુણવત્તા અને વિશ્વાસની પર્યાય સમાન બ્રાન્ડ ત્રણ દાયકા કરતાં વધુ સમયથી કૃષિ સમાજનો વિશ્વાસ જીતી રહી છે અને તેમને ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો પૂરા પાડીને તેમની ઊપજ વધારવા અને તેમની પેદાશોની ગુણવત્તા વધારવામાં મદદ કરે છે.

મહાધને ૧૦:૨૬:૨૬ અને ૧૨:૩૨:૧૬ ગ્રેડ સાથે મહાધનસ્માર્ટેક બ્રાન્ડ કેટેગરી હેઠળ નવીન ખાતર રજૂ કર્યું છે. ‘સ્માર્ટેક’ એક ક્રાંતિકારી અને બિનપરંપરાગત ખાતર છે, જે જમીનને પોષણ આપે છે, મૂળને મજબૂત બનાવે છે અને મૂળના પોષક તત્વોની શોષણ ક્ષમતા વધારે છે. સ્માર્ટેક ટેક્નોલોજીના ઉપયોગથી વિશેષ કવચ ધરાવતા પ્રત્યેક દાણા સાથે શ્રેષ્ઠ ખાતર મહાધનસ્માર્ટેકે પોષક તત્વો વધારવા માટે વધારાની ક્ષમતા અને ઉપજ સાથે આવે છે. માત્ર ખેડૂતોના પાકની ગુણવત્તા અને ઉપજ સુધારવા માટે જ નહીં, પરંતુ તેમની ખર્ચ-લાભની સરેરાશ વધારવામાં મદદરૂપ થવા માટે પણ તે વિકસાવવામાં આવ્યું છે. તેનું વિશેષ કવચ ઓર્ગેનિક કાર્બન અને ખનીજ તત્વોથી સમૃદ્ધ છે, જે છોડની સ્વસ્થ વૃદ્ધિ માટે આવશ્યક પોષક તત્વોના છોડને વધારવામાં મદદરૂપ થાય છે. મહાધનસ્માર્ટેકે સાથે એસટીએલ ખાતર ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા માગે છે. (૨૨-૧)

## વિદ્યાર્થી પોષણ સેનાની રચનાનો કરાયો પ્રારંભ : બ્રોશર અને ફેસબુક પેજનું કરાયું વિમોચન

**વડોદરા,** જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ ઝવેરીના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેર-જિલ્લામાં આયુષ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થી સમુદાયને પોષક આહાર અને તેના લાભો અંગે સજાગ કરવા વિદ્યાર્થી પોષણ સેના (ન્યુટ્રીશન બ્રિગેડ-વડોદરા) ની રચનાનો બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રથમ તબક્કા હેઠળ આવરી લેવામાં આવેલી ૬૦ શાળાઓના આચાર્યો અને નોડલ શિક્ષકોની ઉપસ્થિતિમાં ન્યુટ્રીશન બ્રિગેડ-વડોદરાના બ્રોશર(માહિતી પત્રિકા) અને ફેસબુક પેજનું વિમોચન કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારી અને વિદ્યાર્થી પોષણ સેનાના સંકલનકાર ડૉ. સુધીર જોષીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના નીતિ આયોગે વિદ્યાર્થીકાળથી જ નવી પેઢીમાં વિવિધ આહાર અને ખાદ્ય પદાર્થોની બાબતમાં સારાસારનો વિવેક કેળવાય અને આહાર જ તેમની તંદુરસ્તીનો આધાર બને એવી આદતો કેળવાય તેવા આશય સાથે પ્રધાનમંત્રીશ્રી પોષણ અભિયાનની રૂપરેખા ઘડવામાં આવી છે.

તેને સાકાર સ્વરૂપ આપવા રાજ્ય આયુષ મંત્રાલય અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે માર્ગદર્શનો નિર્ધારીત કર્યા છે જેને અનુસરીને વડોદરા જિલ્લાએ વિદ્યાર્થી પોષણ સેના-ન્યુટ્રીશન બ્રિગેડ વડોદરાની રચના કરવાની પહેલ કરી છે.

કુપોષણ સામે લડત આપવાની આગેવાની વિદ્યાર્થીઓ જ લે અને વિદ્યાર્થીઓ જ આ બાબતમાં વિદ્યાર્થી સમુદાયના તાલીમદાતા અને માર્ગદર્શક બને એવા આશય સાથે આ આયોજન હેઠળ પ્રથમ તબક્કામાં શહેર-જિલ્લાની ૬૦ શાળાઓમાં બે વિદ્યાર્થીઓ અને બે વિદ્યાર્થિનીઓની પોષણદૂત-ન્યુટ્રીશન એમ્બેસેડર તરીકે પસંદગી કરવામાં આવશે. મ.સ.વિશ્વવિદ્યાલયનો ખોરાક અને પોષણ વિભાગ આ કાર્યમાં સહયોગ આપી રહ્યો છે અને આ વિભાગના વિદ્યાર્થીઓ ત્રણ તબક્કામાં સર્વે કસોટીઓ યોજીને, ઊંચાઇ, વજન, લાગણીશીલતા, સ્વભાવ, વર્તણૂક, અભ્યાસમાં નિયમિતતા, સામાન્ય અને વ્યવહારુ જ્ઞાન જેવા માપદંડોની કસોટીમાં તાવીને પોષણદૂત બનવાને લાયક વિદ્યાર્થીઓની પસંદગી કરશે.

બે મહિનામાં આ પ્રક્રિયા પૂરી કરાશે. પસંદ થયેલા વિદ્યાર્થીઓને ખોરાક અને પોષણની તાલીમ અપાશે અને આ વિદ્યાર્થીઓ માસ્ટર ટ્રેનર તરીકે પોતાની શાળાના વિદ્યાર્થીઓને સમુચિત આહાર અને તંદુરસ્તીની અગત્યતાનું શિક્ષણ આપશે. ડૉ. જોશીએ આ અભિયાનમાં સહયોગ આપવા માટે શિક્ષણ વિભાગ, શાળા સંચાલકો અને મ.સ.યુ.ના ખોરાક અનેપોષણ વિભાગનો આભાર માન્યો હતો.

## કેન્દ્રીયમંત્રી જસવંતસિંહ ભાભોરે બારડોલી તાલુકાની મોતા ગામનીએકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કુલની મુલાકાત લીધી

**સૂરત,** કેન્દ્રીય આદિજાતિમંત્રીશ્રી જસવંતસિંહ ભાભોરે બારડોલી તાલુકાના મોતા ગામની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલની મુલાકાત લઈ બાળકોને આપવામાં આવતી રહેઠાણ, રમતગમત, શાળાકીય અભ્યાસ જેવી અનેક બાબતોનું નિરીક્ષણ કરીને રચનાત્મક સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે જવાહર નવોદય વિદ્યાલયોની માફક પ્રાયમરી સ્કુલો ચાલે તે માટેના અનેકવિધ પ્રયાસો કરી રહી છે. છેવાડે વસતા આદિજાતિના બાળકોને ઉત્તમ રહેઠાણ, ભોજનની તમામ સુવિધાઓ સાથેનું ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે મોડેલ શાળાઓ શરૂ કરવામાં આવી છે. રાષ્ટ્રની આવતીકાલ તેજસ્વી અને ઓજસ્વી બને તે માટે નરેન્દ્રભાઈ મોદીની સરકાર અવિરત પ્રયાસો કરી રહી છે. બાળકોમાં રહેલી સુષુપ્તશકિતઓ પારખીને તેને સાર્મર્થ્યવાન બનાવવા એક ટીમ બનીને પ્રયાસો કરવા સૌ શિક્ષકોને હિમાયત કરી હતી.

આ વેળાએ એકલવ્ય મોડેલ સ્કુલના સ્ટેટ ડાયરેકટરશ્રી અર્જુનભાઈ ચૌધરીએ કહ્યું કે, બાળકોના જીવનને શ્રેષ્ઠ બનાવવા ઉત્તમ સંસ્કારો સાથે શિક્ષણ પુરૂ પાડવાનું કાર્ય મોડેલ સ્કુલ કરી રહી છે.

આ પ્રસંગે માંડવી પ્રાયોજના વહીવટદારશ્રી અરવિંદ ભરાડા, બારડોલી મામલતદારશ્રી, શિક્ષકો, ગ્રામજનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, મોતાગામની મોડેલ રેસીડેન્સીયલ સ્કુલમાં બિલવણ સૈનિક સ્કુલના ધો.૬ અને ૭ના ૧૦૯, માંડવી એકલવ્ય શાળાના ધો.૬ થી ૧૨ના ૧૧૩ તથા મોતા શાળાના ૨૦૮ જેટલા વિદ્યાર્થીઓ રહેઠાણની સાથે શિક્ષણનું અમૃતપાન કરી રહ્યા છે.

## માલ્યાની મિલકતની હરાજી કરી ૯૬૩ કરોડ રુપિયા વસૂલાયાં: SBI



**નવી દિલ્હી,** ભારતીય બેન્કો પાસેથી હજારો કરોડ રુપિયાની લોન લઈને ઈંગ્લેન્ડ ભાગી ગયેલા લીકર કિંગ વિજય માલ્યા પર ગાળીયો કસાઈ રહ્યો છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ દાવો કર્યો છે કે, તેણે વિજય માલ્યાની સંપત્તિની હરાજી કરીને ૯૬૩ કરોડ રુપિયાની વસૂલાત કરી છે. આ માહિતી જીૈંના જનરલ મેનેજર અરિજિત બસુએ આપી હતી.સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું કે, જીૈં માલ્યાની સંપત્તિની હરાજી કરીને વધારે લોનની વસૂલાત કરશે. તેમણે જણાવ્યું કે, આ એક કાયદાકીય પ્રક્રિયા છે. અને સુરક્ષાનો અધિકાર છે. અરિજિત બસુએ વધુમાં જણાવ્યું કે, માલ્યા પાસેથી લોનની મહત્તમ રકમ મેળવવા માટે જીૈં બ્રિટિશ અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે.

બ્રિટિશ કોર્ટ દ્વારા માલ્યાની મિલકતને જપ્ત કરવાની પરવાનગી આપવા બાબતે અરિજિત બસુએ ખુશી વ્યક્ત કરી છે. બસુએ જણાવ્યું કે, અમે આ આદેશથી ખૂબ ખુશ છીએ. આ પ્રકારના આદેશથી આ મિલકતો જપ્ત કરવાનું અમારા માટે સરળ બનાવશે. તેમણે કોઈ પણ આંકડા રજૂ કર્યા વગર કહ્યું કે, અમે આશા રાખીએ કે, બેન્ક લોનની સારી એવી રકમ વસૂલ કરી શકાશે.

આપને જણાવી દઈએ કે, આ પહેલાં બ્રિટિશ હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે, બ્રિટિશ અધિકારી લંડન સ્થિત વિજય માલ્યાની સંપત્તિઓની તપાસ કરી શકશે અને જરુર પડ્યે તેને જપ્ત પણ કરી શકે છે.

## કેન્દ્રિય ૭ જેટલી ફ્લેગશીપ યોજનાના અમલીકરણની સમીક્ષા કરતાં કેન્દ્રિય ઉપસચિવશ્રી એન.એસ. વેંકટેશ્વર

**રાજપીપલા,** કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપસચિવશ્રી એન.એસ. વેંકટેશ્વરે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લાચના ગરૂડેશ્વર તાલુકાના ૩૫ જેટલા ગામોની ગત એક સપ્તારહ દરમિયાન મુલાકાત લઈને વિવિધ ૭ જેટલી કેન્દ્રિય ફ્લેગશીપ યોજના અંતર્ગત ઉક્ત ગામોમાં થયેલી કામગીરીની વિગતો મેળવીને તેની સમીક્ષા કરી હતી. ગરૂડેશ્વર તાલુકાના ઉક્ત ૩૫ જેટલા ગામોની કેન્દ્રિય ઉપસચિવશ્રી એન.એસ. વેંકટેશ્વરે લીધેલી મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, પ્રધાનમંત્રી સહજ બિજલી-હર ઘર યોજના (સૌભાગ્ય), ઉજાલા યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જયોતિ વિમા યોજના, પ્રધાનમત્રી સુરક્ષા યોજના અને મિશન ઈન્દ્રધનુષ યોજનાના લાભાર્થીઓ સાથે પણ તેઓશ્રીએ સીધો સંવાદ કરીને પ્રાપ્તા થયેલા લાભો અંગેની વિસ્તૃત જાણકારી-વિગતો પણ તેમણે મેળવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઉક્ત વિવિધ સાત જેટલી ફ્લેગશીપ યોજનાઓનું આ ગામોમાં સેચ્યુરેશન કરીને સેચ્યુરેશન વિલેજ જાહેર કરવાની કામગીરી સબબ નોડલ અધિકારી તરીકે નિમાયેલા કેન્દ્રિય ઉપસચિવશ્રી એન.એસ. વેંકટેશ્વરની ગરૂડેશ્વર તાલુકાના ૩૫ જેટલા આ ગામોની મુલાકાત દરમિયાન જે તે સંબંધિત ગામમાં બ્લોક હેલ્થ ઓફિસર, મેડીકલ ઓફિસર, ડી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ, બેન્કના મેનેજરશ્રીઓ, તલાટી કમ-મંત્રી-સરપંચ, આંગણવાડી વર્કર, શિક્ષકો, ગ્રામસેવકો, આશાબહેનો, મધ્યાહન ભોજન સંચાલકો વગેરે પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને જે તે વિભાગની કામગીરીથી શ્રી વેંકટેશ્વરને વાકેફ કર્યાં હતાં. આમદલાની સરકારી પ્રાથમિક શાળા તથા ગોરાની એકલવ્ય મોડેલ શાળાની મુલાકાતથી તેઓશ્રી અત્યંત પ્રભાવિત થયાં હતાં. આ મુલાકાત દરમિયાન ગ્રામ સ્વરાજ અભિયાનને વધુ અસરકારક અને સફળ બનાવવા શ્રી વેંકટેશ્વરે જરૂરી સૂચનો સાથે જે તે ગામોમાં પણ માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.